મેલેરિયા, ડેન્ગ્યુ, અને ચિકનગુનિયાનો ટેસ્ટ PCRથી કરાવવા જોઈએ

(તાવ એટલે કોરોના જ ?)

મેલેરિયા અને ચિકનગુનિયા મેદાનમાં જ છે...

શનિવારે રાત્રે ચારે મિત્રો ભેગા થયા. અંધારી રાત છે. એલઈડી લાઈટ મ્યુન્સિપાલ્ટીની ચાલુ છે. થોડી ગરમી છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે છે. અમુઝણ થાય છે. પસીનો ખૂબ નીકળે છે. પણ મિત્રોને મળવાનો આનંદ એટલો બધો છે કે કોઈ વસ્તુ ખબર જ નથી પડતી. ચારે મિત્રો સોશિયલ ડિસ્ટનસીંગ સાથે

એટલે બે - બે મિટરની અંતર રાખી, ખુરશી પર બેસી, માસ્ક પહેરીને બેઠા છે. બાજુમાં સેનેટાઈઝરની બોટલ મુકી છે. પાંચ-પાંચ મિનિટે એ પોતાના હાથ સેનેટાઈઝરથી ધોઈ રહ્યા છે. શાંતિને તોડતા વિપુલભાઈ બોલ્યા, ભાઈ... કંઈક કેવા જેવું જ નથી. રોજ - રોજ નવાં નવાં કેસ સાંભળવા મળે છે. ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણામાંથી કોઈને પણ કોરોના ભરખી ના જાય. નિલેશે કહ્યું... અત્યારે એટલા બધા પ્રશ્નો છે કે, એમાં કોરોના, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયાએ હદ કરી નાખી છે.

ખાસ કરીને કોરોના, ચિકનગુનિયા અને મેલેરિયાએ માનવજાતની હવા કાઢી નાખી છે. સાહેબ, એટલી બધી તકલીફ છે કે ચારેબાજુ દુ:ખ, અસંતોષ અને ભયનું વાતાવરણ વર્તાઈ રહ્યું છે. અત્યારે ઘરમાં પણ ચારેબાજુ તકલીફ છે. કોઈનો ધંધો નથી ચાલતો તો, કોઈનો પગાર નથી આવતો..., કોઈને ભાડું નથી આવતું, તો કોઈ બિલ્ડરના બનાવેલા મકાન વેચાવાના ઓછા થઈ ગયા છે. એટલે પૈસાનો પ્રશ્ન તો છે જ... દુકાનો વાલા તો બોલે જ છે...પણ પાનના ગલ્લા પર બૂમો મારે છે અને ઘરમાં પણ પતિ-પત્નીને નથી બનતું...

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

બાળકોને મા-બાપ જોડે નથી બનતું, વહુ અને સાસુને નથી બનતું, દીકરા અને બાપને નથી બનતું, ભાઈને બહેન જોડે નથી બનતું, કોઈને બાજુવાળાને નથી મળાતું. આવા પ્રશ્નો તો છે જ અને ચાલી રહ્યા છે. આ બધુ તો બરાબર છે. આ બધા પ્રશ્નોમાં તો સમાધાન રહેલું છે. શાંતિથી ઘરમાં બેસી એકબીજાના પ્રશ્નો સમજી, નિરાકરણ લાવી શકાય. પણ કોરોનાનું શું ? એક દિવસ તાવ આવે તો પણ ભયજનક વાતાવરણ થઈ જાય છે. શરદી ને ઉધરસ થાય તો પણ કોરોનાની બીક લાગે છે. લેબોરેટરી વાળા પાસે જઈને ઊભા રહો એટલે કોરોનાનો ટેસ્ટ કરતા નથી. લેબોરેટરીવાળા કહે છે આધાર કાર્ડ છે? ડૉકટરની ચિઠ્ઠી છે? તકલીફ હોય તો જ અમે તમારો નાક અને ગળામાંથી સેમ્પલ લઈને RT-PCR કરી શકીએ. ડૉકટરો પણ દર્દીને નજીક નથી આવવા દેતા. તપાસ્યા સિવાય તમને શું થાય છે એના ઉપરથી લોહી ટેસ્ટ અથવા RT-PCR લખી આપે છે. જો ડૉકટરને જરૂર ના લાગે તો RT-PCR નથી લખી આપતા. ડાહ્યાભાઈ બોલ્યા, હવે મારો વારો....

જુઓ, ગાંડાભાઈ, નિલેષ, વિપુલ.... ડૉકટર સર્વોપરી છે. એટલે ડૉકટરને યોગ્ય લાગે એ પ્રમાણે એ નિદાન કરે... તમને થતી તકલીફો સાંભળે, સમજે એ પ્રમાણે નિદાન કરે... દરેક તાવ એટલે કોરોના જ નહીં. કોરોના સિવાય પણ બીજા નિદાન હોય છે. અને કોરોનાનું મહા-તાંડવ એવું છે કે દર્દીને અડીને નિદાન કરવું અઘરું હોય છે કારણ કે કોરોનાનો ભય હોય છે છતાં પણ ડૉકટરોને સલામ કરવી પડે... કોરોનાના બયના વાતાવરણમાં દર્દીઓને અડીને તપાસે છે. ભલે PPE કીટ પહેરેલી હોય, હવે ગાંડાભાઈ, જો તમારે કોરોનાની બીક હોય તો સરકારે ઘણા સેન્ટર કોરોનાના ટેસ્ટ માટે ખોલેલાં છે. તમને જો જરા પણ શંકા હોય તો મારી જાણ મુજબ સેકટર-૨માં, સેકટર-૨૪માં, સીટીસી સેકટર-૧૭માં અને સિવિલ હોસ્પિટલમાં ૨૪ કલાક એન્ટીજનની તપાસ કરતા હોય છે. જેનો એક પણ પૈસો આપવાનો હોતો નથી. ગાંડાભાઈ બોલ્યા, પણ એ તો ૧૦-૧૫ મિનિટમાં રિપોર્ટ આપી દે છે. જયારે RT-PCR ૧૮-૨૦ કલાકમાં આપે છે. એટલે RT-PCR વધારે સેન્સેટીવ છે? ડાહ્યાભાઈએ કહ્યું, ગાંડાભાઈ તમે ખોટા છો... અને થોડા સાચા છો... કોરોના એન્ટીજન ટેસ્ટની સેન્સેટીવીટી ૫૦% છે. જયારે RT-PCR ની સેન્સેટીવીટી ૬૫ થી ૭૦% છે. પણ ગાંડાભાઈ, સેન્સેટીવીટીમાં ફરક છે પણ બંને ટેસ્ટની સ્પેસેફીકસીટીમાં ૧૦૦% છે.

એટલે સમજ્યા ગાંડાભાઈ. કોરોના એન્ટીજન ટેસ્ટ હોય કે કોરોના RT-PCR ટેસ્ટ હોય. પોઝીટીવ આવે તો એ ટેસ્ટ પોઝીટીવ જ ગણવો. એને જો નેગેટીવ આવે અને ચિહનો કોરોના જેવા હોય તો ૨૪ કલાક કે ૪૮ કલાક પછી ફરી કરાવો જોઈએ. એટલે કહેવાનો મતલબ એ છે કે કોઈ પણ પદ્ધતિથી કરેલો ટેસ્ટ પોઝીટીવ હોય તો પોઝીટીવ જ માનવો. હવે વાત રહી મેલેરિયાની. લેબોરેટરીવાળા મેલેરિયા, ચિકનગુનિયા અને ડેન્ગ્યુની તપાસ ખુબ સરસ રીતે કરી શકે છે. પણ હવે મેલેરિયા, ડેન્ગ્યુ, અને ચિકનગુનિયા PCR થી કરાવવા જોઈએ. ગાંડાભાઈએ કહ્યું, PCR એટલે પોલિમરેઝ ચેઈન રિએકશન. જે લોહીનો ટેસ્ટ છે. જે બહુ થોડી લેબોરેટરી જ કરી શકે છે. જેની તાકાત ખૂબ છે સેન્સેટીવીટી અને સ્પેસેફીકસીટી ખૂબ જ વધારે છે. એટલે થોડા મોંઘા છે પણ જમાનો PCR નો જ આવવાનો...

shraddhablood@gmail.com

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગ દ્વારા

મનોવૈજ્ઞાનિક સુખાકારી પર ઓનલાઈન નેશનલ સેમિનાર

ગાંધીનગર, તા. ૨૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વર્તમાન સમયને ધ્યાનમાં લઈને Psychological Well being during the COVID-19: Crisis & Remedies પર બે દિવસનો ઓનલાઈન નેશનલ સેમિનાર યોજાયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ, નિતીન પેથાણી જોડાયા હતા. જેઓએ વર્તમાન સમયમાં કોરોના મહામારીને અનુલક્ષીને મનોવૈજ્ઞાનિકોની ભુમિકા સ્પષ્ટ કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ, યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહએ વર્તમાન સમયને ધ્યાનમાં લઈને કોરોના વૈશ્વિક મહામારી તેમજ બાળ મનોવિજ્ઞાન પર મનનીય રજૂઆત કરી હતી કાર્યક્રમના સંયોજક અને હ્યુમિનીટીઝના નિયામક તેમજ મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો.બી.ડી.ઢીલાએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જેમાં આ ઓનલાઈન સેમિનારમાં કુલ ૧૨૮ સહભાગીઓ જોડાયા હતા અને જેમાં ૧ સહભાગી ઈંગ્લેન્ડથી અને અન્ય



સહભાગીઓ દેશભરમાંથી જોડાયા હતા. જેમાં ૬૬ જેટલા સહભાગીઓએ વર્તમાન સમયની મહામારીને પહોચી વળવા માટેના ઉપાયો અંગે સંશોધન પત્રો રજુ કર્યા હતા. આ કાર્યક્રમમાં બીજરૂપ વક્તા તરીકે ઔરંગાબાદની જી.એમ.સી. કોલેજના પ્રોફેસર અને અધ્યક્ષ ડૉ. સંજીવ સાઓજી જોડાયા હતા જેઓએ કોરોના મહામારીમાં તેના સંકટ અને ઉપચારો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. જેઓએ કોરોનાની હકારાત્મક અને નકારાત્મક અસરો અંગે છણાવટ કરી હતી. કાર્યક્રમની આભારવિધિ મનોવિજ્ઞાન વિભાગના અધ્યાપક અને યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ.અશોક પ્રજાપતિએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અંજના ચૌહાણે કર્યું હતું. ત્યારબાદ ૨:૩૦ થી ૬:૦૦ વાગ્યા સુધી બે ટેકનિકલ સેશન યોજાયા હતા. જેમાં ૩૨ સંશોધન પેપર પ્રસ્તુત્ત થયા હતા. આ બે સેશનમાં પ્રો.કામાયની માથુર, મનોવિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અને પ્રો. સુરેશ મકવાણા અને ડૉ. પંકજ સુવેરા, સરદાર પટેલ યુનિવર્સિટી, તેમજ ડૉ. ગીતા પ્રજાપતિ, ગાંધીનગરથી જોડાઈને સંશોધકોને માર્ગદર્શિત કર્યા હતા.

ઓનલાઈન નેશનલ સેમિનારના બીજા દિવસે ચર્ચા સભામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ, ડૉ. યોગેશ જોગસણ અને જોધપુર યુનિવર્સિટીમાંથી પ્રો.એલ.એન.બુનકર જોડાયા હતા. જેઓએ માનસિક સ્વાસ્થ્ય અને મનોવૈજ્ઞાનિક સુખાકારી અંગે મનનીય ચર્ચા કરી હતી જેનું સંચાલન ડૉ.રોનકકુમારે કર્યું હતુ. ત્યારબાદ બપોરના બંને ટેકનિકલ સેશનનું આયોજન ડૉ.શેબા શુક્લા અને ડૉ. રોનકકુમારે કર્યું હતું જેમાં પાટણ કોલેજથી પ્રોફે. સી.એસ. પટેલ અને ડૉ. પરીક્ષિતસિંહ રાવ અને મહેસાણાથી ડૉ. એ.એલ.સુતરીયા અને સુરતથી ડૉ. રૂદ્રેશ વ્યાસ જોડાયા હતા જેઓએ ૩૭ સંશોધકોના સંશોધન પેપરને માર્ગદર્શિત કર્યા હતા. જેમાં કાર્યક્રમના સફળ સંચાલનમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદ શાહ, કુલસચિવશ્રી ડૉ. અશોક પ્રજાપતિ અને વિભાગના વડા, પ્રો. બી.ડી. ઢીલા પ્રેરણાસ્રોત રહ્યા હતા.

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના આરોગ્ય કેન્દ્ર દ્વારા વૃક્ષારોપણ કરાયું

ચિલોડા, તા. ૨૭

ગૂજરાત વિદ્યાપીઠ ૧૦૦ વર્ષની ઊજવણી પ્રસંગે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરાના આરોગ્ય કેન્દ્ર દ્વારા ૧૦૦ છોડ ગલગોટાના, ૧૦૦ છોડ બારમાસીના અને ૧૦૦ છોડ કેતકીના વાવી ઉછેરી પર્યાવરણના જતન માટેનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. સ્વચ્છ સંકુલ, સુગંધિત સંકુલના અભિગમ સાથે આરોગ્ય કેન્દ્રના ડૉકટર નયનેશ વસાવા, ચેતનાબેન જાની અને અનવર મુખીની જહેમતથી આ કાર્ય હાથ ધરાયું હતું.

સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના સતત માર્ગદર્શનથી જયાં જગ્યાં ત્યાં ફૂલછોડ વાવોનું અભિયાન હાથ ધરી રાષ્ટ્રીય પર્યાવરણના જનતમાં અનોખું કાર્ય કરવામાં આવ્યું હતું.

સ્મિટ મ્યુઝિક દ્વારા એસપી બાલા સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ

સ્મિત મ્યુઝિક દ્વારા સપ્ટેમ્બરના લાસ્ટ વિકમાં એફબી લાઈવ શો દ્વારા કોરોના વોરિયર્સનું સન્માન અને એસ. પી. બાલાસુબ્રમણ્યમજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સિંગિગ કાર્યક્રમનું સંચાલન જયોતિ ગજ્જર, ભરત ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું. ભરત ઠાકર, હિમાંશુ પુરોહિત, રિઝવાન ખાન, ચેતન દરજી વગેરે સીંગરો દ્વારો સુંદર ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. આ એફબી પ્રોગ્રામમાં દર્શકોનો સુંદર પ્રતિસાદ સાંપડ્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા એન.એસ.એસ. સ્થાપના દિવસની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૭

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા એન.એસ.એસ. સ્થાપના દિવસની ઉજવણી અને નવા સ્વય સેવકો માટે અભિમુખતા કાર્યક્રમ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિધાપીઠના માનદ નિયામક, વિસ્તરણ ડો. રાજેન્દ્ર ભાઈ ખીમાણી અને મુખ્ય અતિથી તરીકે ગૂજરાત વિધાપીઠના રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડો. અરુણભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા જ્યારે મુખ્ય વકતા તરીકે પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્યશ્રી તેજસભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા સ્વાગત પ્રવચન અને કાર્યક્રમની પૂર્વ ભૂમિકા સંસ્થાના ડીનશ્રી પ્રભુલાલ કાસુન્દ્રા રજુ કરી હતી અધ્યક્ષશ્રીએ પોતાના સંબોધનમાં ગાંધીવિચાર અને રાષ્ટ્રીય સેવા યોજનાની વિવિધ પ્રવૃત્તિઓમાં સમાનતા જણાવી હતી અને જે પણ પ્રવૃત્તિઓ માટે પૂજ્ય બાપુ મહાત્મા ગાંધીજીએ યુવાનોના સંપૂર્ણ વ્યક્તિત્વ વિકાસ માટે તેમેના દ્વારા આપેલી શિક્ષણ પ્રણાલીમાં હતું તે બધીજ પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયમ સેવકોને કરાવવામાં આવે છે પૂજ્ય મહાત્મા ગાંધીજીના શતાબ્દી વર્ષમાં ૧૯૬૯માં રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપના ૨૪ સેપ્ટેમ્બરના દિવસે કરવામાં આવી હતી તે પ્રમાણે રાષ્ટ્રીય સેવા યોજનાના પણ હાલમાં ગૌરવશાળી ૫૦ વર્ષ પૂર્ણ થાય છે



શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમને વર્ષ ૨૦૧૫-૧૬માં તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રોગ્રામ ઓફસર ડો. નીરજ સિલાવટને શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરનો ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યો હતો અને સાથે સાથે તેમની યુનિટને પણ શ્રેષ્ઠ યુનિટ તરીકેના એવોર્ડ પણ મળ્યો હતો

આ કાર્યક્રમમાં વિશેષ રૂપથી ડો. અરવિંદ રામી, મહેશ જાદવ, પારુલબેન શ્રીમાળી, ડો. જાતિન રાજદીપ અને ડો. નરહરિ સાધુ પણ આ વેબિનારમાં જોડાયા હતા કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આભાર વિધિ ડો. પ્રવીણભાઈ દુલેરા દ્વારા કરવામાં આવ્યું હતું.

આર્ષ વ્યાખ્યાનમાળામાં નિષ્કુળાનંદ કાવ્ય-૬ સારસિદ્ધિ પર ઓનલાઈન પ્રવચન યોજાયું

ગાંધીનગર, તા. ૨૭

'આર્ષ' શોધ સંસ્થાન અક્ષરધામ ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા ૨૩ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર - વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. આ ક્રમ અંતર્ગત શાસ્ત્ર વિષયક 'નિષ્કુળાનંદ કાવ્ય ૬, સારસિદ્ધિલ્લ વિષય પર ૯૩માં પ્રવચનનું આયોજન ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન લાઈવ તા. ૨૬-૦૯-૨૦૨૦ના રોજ સાંજે ૫ થી ૭ સમય દરમ્યાન યોજાયું હતું. આ પ્રસંગે પૂ. જ્ઞાનતૃપ્તદાસ સ્વામી, પ્રાધ્યાપકશ્રી, બીએપીએસ. સંસ્કૃત મહાવિદ્યાલય સારંગપુર તથા અક્ષરપુરુષોત્તમ આંતરરાષ્ટ્રીય સત્સંગ પ્રવૃતિના, સંયોજકશ્રી, પૂ. સદગુરુ સંત ઈશ્વરચરણ સ્વામીએ આશીર્વચન સહ વક્તવ્યનો લાભ આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઓનલાઈન પ્રવચનમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ જોડાયા હતા.

પૂ. જ્ઞાનતૃપ્તદાસ સ્વામીએ નિષ્કુળાનંદ કાવ્ય અતંર્ગત સારસિદ્ધિ વિષય પર વાત કરતાં જણાવ્યું હતું કે, ભગવાન સ્વામિનારાયણે આ પૃથ્વી પર પ્રગટ થઈ અનેક યુગ કાર્યો કર્યાં, તેમાં એમનું એક મહત્ત્વનું કાર્ય એ હતું કે પરમહંસોનો એક સમુદાય આ જગતને ભેટ આપ્યો. પરમહંસોમાં આધ્યાત્મિક ઉચ્ચ સ્થિતિ તો હતી જ સાથે સાથે તેમનામાં લૌકિક કળાઓ પણ ભરપુર હતી. તે કળાઓમાંની એક કળા એટલે સાહિત્ય કળા. એવી કળાઓથી ભરપુર એવા સદગુરુ નિષ્કુળાનંદ સ્વામી હતા. તેમને ૨૩ જેટલા ગ્રંથોની રચના કરેલ છે. તેમોનો એક ગ્રંથ એટલે સારસિદ્ધિ.

સારમાં સાર તત્વ ધર્મ છે, જેને સ્વામિનારાયણ ભગવાને એકાંતિક ધર્મ કહ્યો છે. - પૂ. જ્ઞાનતૃપ્તદાસ સ્વામી ધર્મે સહિત સ્વામી સેવક ભાવે, માન તજી, શ્રદ્ધાએ સહિત અને ઈર્ષાએ રહિત ભક્તિ કરવી.- પૂ. ઇશ્વરચરણ સ્વામી

સારસિદ્ધિ ગ્રંથનો બહિરંગ પરિચય આપતાં જણાવ્યું હતું કે, આ સારસિદ્ધિ ગ્રંથ એક આધ્યત્મિક ગ્રંથ છે. તેને શાસ્ત્ર કહી શકાય. કારણ કે તેમાં પરમાત્માને પામવાની સાધનાની વાત છે. એમાં પરમાત્માનાં સ્વરૂપનું નિરૂપણ અને આધ્યાત્મિક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. સાર સિદ્ધિ એ બે શબ્દોને સમજવાથી ગ્રંથનો પરિચય પ્રાપ્ત થાય છે. સાર એટલે શ્રેષ્ઠ વસ્તુ. અને સિદ્ધિ એટલે નિર્ણય. આ ગ્રંથમાં શ્રેષ્ઠ વસ્તુનો નિર્ણય કર્યો છે. સારસિદ્ધિ ગ્રંથને કડવું એ શબ્દથી વિભાજીત કર્યો છે. ગ્રંથમાં ૪૮ કડવા છે. ચાર-ચાર કડવાઓ પૂર્ણ થાય પછી એક કીર્તન તેમણે રચ્યું છે. એટલે કે ગ્રંથમાં બાર કીર્તનો સમાયેલા છે. આવી રીતે આ ગેય ગ્રંથ છે.

ગ્રંથની બે વિશેષતાઓ વિષે વાત કરતાં જણાવ્યું કે, વેદાદિક શાસ્ત્રોમાં અને વચનામૃત ગ્રંથમાં જે સનાતન સિદ્ધાંત આપવામાં આવ્યો છે એ જ સિદ્ધાંત નિષ્કુળાનંદ સ્વામીએ એક નવીન સ્વરૂપમાં આપની સમક્ષ રજૂ કર્યો છે. તેમણે મૂળ વાતને પકડી રાખી મૌલિક રચના કરી છે. આપણાં શાસ્ત્રોમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે સાધનાઓ તથા ભગવાનના પ્રગટ સ્વરૂપને સમજીને તેની શરણાગતિરૂપ સનાતન સિદ્ધાંતો છે, એ જ સિદ્ધાંતોને નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં સમાવ્યા છે. બીજી વિશેષતા છે સાહિત્યની દૃષ્ટિએ. તેમને આ ગહન સિદ્ધાંતોને અભણ ગામડાના લોકો પણ સરળતાથી સમજી શકે તેવી સરળ દૃષ્ટાંત શૈલી, આખ્યાન શૈલીનો પ્રયોગ કર્યો છે. જેમ કે,

જેમ મોર પત્રિ બિંદુ આવતાં
રતે લીયે છે રસે ભરેલડા,
તેનો મયૂર થાય તદવત થાય

પડતા થાય બિંદુના ઢેલડા.

મોર અને ઢેલની પ્રજનન ક્રિયાનું દૃષ્ટાંત આપીને પ્રગટ ભગવાનના મુખમાંથી આજ્ઞા વચન નીકળતા હોય તેને મુમુક્ષુ, ભક્ત અધ્વર વચન ઝીલી લે અને તે પ્રમાણે વર્તવા માડે તો બધા જ સારની સિદ્ધિ થાય છે તેમ તેઓ જણાવે છે. તેમણે ભાગવત, રામાયણ, મહાભારત વગેરે ગ્રંથોમાં આવતી આખ્યાન શૈલીનો ઉપયોગ કરીને સિદ્ધાંતો સમજાવ્યા છે, અને તે પણ લાઘવ પદ્ધતિથી. એટલે કે એક જ સાખીમાં સમાવેશ કરીને આવો મોટો સિદ્ધાંત બતાવ્યો હોય. જેમ કે પ્રગટ ભગવાનની વાત કરતાં નિષ્કુળાનંદ સ્વામી ભાગવત પુરાણમાં આવતા ઋષિ પત્નીઓ ગોપ બાળકોને ઓળખી ગઈ અને ભોજન આપ્યું તે આખ્યાનને એક સાખીમાં દૃષ્ટાંતરૂપે રજૂ કરતા કહે છે કે -

પ્રગટ ભજી ઋષિ પત્ની
પરોક્ષ ભજ્યા ઋષિ રાય,
ઋષિ પત્નીએ હરિ રાજી કર્યા
ઋષિ રહ્યા પરિતાપ માય.

આવી રીતે લાઘવ શૈલીમાં વર્ણન કર્યું છે. સાથે સાથે સ્વામીએ જુદા જુદા છંદોનો પ્રયોગ કર્યો છે. જેમ કે, કોઈ પણ કડવાનો આરંભ ધન્યાશ્રી રાગથી થાય. તેના પછી પૂર્વછાયો વગેરે ઢાળથી થાય. આ ગ્રંથમાં આવતા કીર્તનોમાં ક્યારેક સામગ્રી, ક્યારેક ગરબી ક્યારેક ધોળ એ બધા રાગ ઢાળમાં રચના કરી છે.

જન્મદિને વધામણી

પ્રવીણસિંહ એસ રાઠોડ
મો. ૯૭૨૩૮ ૩૧૭૬૧

નટવરલાલ ટી પરમાર
મો. ૯૪૨૬૭ ૭૯૧૫૩

ઝંકૃતિ ચંદ્રકાન્ત રાવલ
મો. ૯૭૨૬૧ ૬૬૧૧૩

પારૂલ નિખિલ બક્ષી
મો. ૯૮૨૪૦ ૬૦૧૨૯

દિવ્યરાજસિંહ
સંજયસિંહ ચંપાવત
મો. ૯૪૨૯૬ ૦૧૫૧૭



યશ ગૌરાંગ પટેલ

દર્શિત મિલનભાઈ રાજ્યગુરુ
મો. ૯૮૨૫૩૬૨૬૪૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

માસ્ક પહેરો... કોરોનાથી બચો...